

For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પોલીસની સ્પષ્ટ વાત, મન ભરીને જલસા કરો, નશો નહીં, નિયમભંગ નહીં...

# 31st નશામાં, તો ન્યૂ યર જેલમાં

**નશાબાજોના** લવારા સાંભળવાની નોબત જ આવશે નહીં, હાઈટેક તપાસ મિનિટોમાં જ નશા અંગેનો રિપોર્ટ આપી દેશે

**ગાંધીનગરથી** આવેલી બે મોબાઈલ FSL લેબોરેટરી વાનમાં બ્લડ અને યુરિનની ઈન્સ્ટન્ટ તપાસની સુવિધા

**300થી** વધુ બ્રિથ એનેલાઈઝર, નાર્કોટિક કિટ સાથે પોલીસ રાતભર દોડતી રહેશે

સુરતઃ નવા વર્ષના સ્વાગત માટે યોજાતી પાર્ટીઓમાં નશો કરવાનું વિચારી રહેલા યુવાધન માટે સુરત પોલીસે આ વખતે કડક ચેતવણી આપી છે. દારૂ કે ડ્રગ્સના સેવન પર તુરંત કાર્યવાહી કરવા માટે પોલીસ હવે માત્ર લાઠી નહીં પરંતુ આધુનિક ફોરેન્સિક ટેકનોલોજી સાથે મેદાને ઉતરી છે.

31 ડિસેમ્બરની રાત્રે શહેરભરમાં થનારી પાર્ટીઓ અને ખાનગી આયોજનો પર સુરત પોલીસની કડક નજર રહેશે. નશો કરીને ઉજવણી કરનારાઓ સામે આ વખતે તુરંત વૈજ્ઞાનિક પુરાવા સાથે કાર્યવાહી કરવામાં આવશે. સુરત પોલીસની સૌથી મોટી તાકાત આ વર્ષે ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મોબાઈલ વાન છે. આ વાન સંપૂર્ણ રીતે સજ્જ ચાલતી-ફરતી લેબોરેટરી છે, જેમાં બ્લડ અથવા યુરિન સેમ્પલનું સ્થળ પર જ પરીક્ષણ શક્ય છે. શહેરમાં આવી બે અત્યાધુનિક મોબાઈલ વાન તૈનાત કરવામાં આવી છે. કોઈ પાર્ટી, ફાર્મ હાઉસ અથવા ખાનગી આયોજનમાં દરોડા દરમિયાન શંકાસ્પદ વ્યક્તિના સેમ્પલ લેવામાં આવશે અને વાનમાં રહેલા મશીનો દ્વારા તુરંત તપાસ કરાશે.

દારૂ હોય કે કોઈપણ પ્રકારનું સિન્થેટિક ડ્રગ્સ, રિપોર્ટ માટે હવે દિવસોની રાહ જોવી નહીં પડે. આ સાથે સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને ક્રાઈમ બ્રાન્ચને લેટેસ્ટ એન્ટી નાર્કોટિક કિટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ કિટની ખાસિયત એ છે કે તે માત્ર પાંચ મિનિટમાં જ નશો કર્યાનું સ્પષ્ટ રિઝલ્ટ આપે છે. પરિણામે આરોપી હવે “મેં નશો નથી કર્યો” જેવી દલીલ કરી શકશે નહીં.

શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક

...અનુસંધાન પાના 5 પર

## FSL મોબાઈલ વાન કોઈપણ પ્રકારના નશાને મિનિટોમાં પકડી પાડશે

FSL મોબાઈલ વાન એ એક સંપૂર્ણ ફોરેન્સિક લેબોરેટરી છે, જે રસ્તા પર જ તપાસ કરવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય રીતે નશાના કેસમાં સેમ્પલ ગાંધીનગર મોકલવામાં આવતા હોવાથી રિપોર્ટ માટે દિવસો લાગતા હતા, પરંતુ હવે આ વાનથી સ્થળ પર જ બ્લડ અને યુરિન સેમ્પલનું પરીક્ષણ શક્ય બન્યું છે. કોઈપણ પ્રકારના દારૂ, ગાંજા, એમડીએમએ કે અન્ય સિન્થેટિક ડ્રગ્સનો ઉપયોગ થયો હોય તો મશીનો તુરંત જ પકડી પાડે છે. પરિણામ મળતા જ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી શકે છે, જેના કારણે આરોપીને બચવાનો કોઈ રસ્તો રહેતો નથી.

## પાર્ટી આયોજકો અને ફાર્મ હાઉસ માલિકોને પણ બક્ષવામાં નહીં આવશે

પોલીસે માત્ર નશો કરનારાઓને નહીં પરંતુ નશાને પ્રોત્સાહન આપનારા આયોજકોને પણ ચેતવણી આપી છે. શહેરના આઉટસ્કર્ટ વિસ્તારોના ફાર્મ હાઉસના માલિકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેમની મિલકતમાં ગેરકાયદે પ્રવૃત્તિ નહીં ચાલે. જો કોઈ સ્થળે નશાની પાર્ટી યોજાય છે તેવું સાબિત થશે તો આયોજક, માલિક અને જવાબદાર વ્યક્તિ સામે ગુનો નોંધાશે. ડ્રોન સર્વેલન્સ અને ગુપ્ત માહિતીના આધારે આવા સ્થળો પર ખાસ નજર રાખવામાં આવશે.

## સિવિલમાં સારવાર નહીં મળતાં યુવક પિતાને ખભે ઊંચકીને પરત



નવી સિવિલ હોસ્પિટલમાં એક વૃદ્ધ દર્દીને યોગ્ય સારવાર નહીં મળતા તેમના પુત્રએ પિતાને ખભા પર ઊંચકીને અન્ય હોસ્પિટલ લઈ જવું પડ્યું હતું. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. માથા અને કાનમાંથી લોહી વહેતું હતું. તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવ્યા હતા. જો કે, ત્યાં તેમને લાંબા સમય સુધી કોઈ ડોક્ટરે જરૂરી સારવાર તેમજ સ્ટ્રેચર કે વ્હીલચેર પણ આપી ન હોવાનો પરિચિત વ્યક્તિએ આરોપ લગાવ્યો હતો.

તળપદા કોળી સમાજનું પ્રતિનિધિત્વ કરતાં

## શ્રી પટેલ પ્રગતિ મંડળની ચૂંટણીમાં ભારે રસાકસી

**૨૦ સભ્યની** ચૂંટણી જાહેર થઈ ત્યારથી વિવાદો શરૂ થઈ જતાં માહોલ ગરમાયો, આજે મતદાન

**મતદાનના** દિવસ માટે શ્રી પટેલ પ્રગતિ મંડળ, શૈક્ષણિક સંકુલ ખાતે સિક્યુરિટી ગાર્ડ પણ મૂકી દેવાયા

સુરતઃ તળપદા કોળી સમાજનું પ્રતિનિધિત્વ કરતી શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતની વ્યવસ્થાપક સમિતિના ૨૦ સભ્યોની બેઠકની ચૂંટણીનું મતદાન આવતીકાલે થશે. ૩૯૮૦ મતદારો ૨૦ સભ્યો માટે મતદાન કરશે. ચૂંટણી જાહેર થઈ ત્યારથી તળપદા કોળી સમાજમાં માહોલ ગરમાયો હતો. શ્રી પટેલ પ્રગતિ મંડળનુ શહેરમાં ખૂબ જ મોટું નામ છે. આ સંસ્થા અડાજણ સુરભી ચાર રસ્તા પાસે વાડી-હોલ ધરાવે છે તથા જહાંગીરાબાદ ખાતે તાલીમ સેન્ટર પણ ચલાવે છે. સમાજના ઉત્થાન માટે શૈક્ષણિક હેતુ માટેના વિવિધ કાર્યક્રમો પણ આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. લાંબા સમયથી આ કારોબારી સમિતિના સભ્યોની નિમણૂક સર્વાનુંમતે થતી હતી,પણ આ વખતે ચુંટણી જાહેર કરવામાં આવી છે.ચુટણી જાહેર થઈ ત્યારથી જ આ સંસ્થાનો વહીવટ સંભારવા માટે ઉમેદવારોનો રાફડો ફાટયો હતો.

...અનુસંધાન પાના 5 પર

‘ગુજરાતમિત્ર’ના સંશોધિત અહેવાલે નવી દિશા આપી

# સુરતને IT હબ, ડિજિટલ વેલી તરીકે વિકસાવવા માંગ



CITY

સુરતમાં સ્વબળે ઊભું થઇ રહેલું IT હબ-ડિજિટલ વેલી

તારીખ 19 ડિસેમ્બરે ‘ગુજરાતમિત્ર’ની સિટી પલ્સ પૂર્તિમાં સંશોધનાત્મક અહેવાલ રજૂ થયો હતો

**ઇન્ક્યુબેશન** હબ અને સ્ટાર્ટઅપ સપોર્ટ પણ શરૂ કરવામાં આવે

**સુરત** ગ્રોથ હબ ઓફ સાઉથ ગુજરાતે નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખી રજૂઆત કરી

### સુરતમાં 500થી વધુ IT કંપનીઓ 50 હજારથી વધુને રોજગાર આપે છે

ગુજરાતમિત્રના સંશોધિત અહેવાલ મુજબ સુરતમાં 500+ IT કંપનીઓ કાર્યરત છે, 50,000થી વધુ યુવાનોને સીધી રોજગારી મળી રહી છે. અંદાજે 100 કરોડથી વધુનું વાર્ષિક IT ટર્નઓવર સર્જાઈ રહ્યું છે. ગેમિંગ, ફિનટેક, SaaS, એપ ડેવલપમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, BPO, AI અને ડેટા સર્વિસ જેવા ક્ષેત્રોમાં સુરતનું યોગદાન સતત વધી રહ્યું છે. પાલ, અડાજણ, વેસુ, અઠવાલાઈન્સ અને આસપાસના વિસ્તારોમાં IT ઓફિસ ક્લસ્ટર્સ વિકસી રહ્યા છે. આ તમામ આંકડાઓ એવું સ્પષ્ટ કરે છે કે સરકારી ટેકો અને નીતિગત માર્ગદર્શન મળે તો સુરત ખૂબ જ ટૂંકા ગાળામાં અમદાવાદ પછીનું સૌથી મોટું IT હબ બની શકે છે.

### સુરત ગ્રોથ હબ ઓફ સાઉથ ગુજરાતની મુખ્ય માંગણીઓ

» સુરતને સત્તાવાર રીતે “IT Hub / Digital Valley” જાહેર કરવામાં આવે. » સુરતમાં IT Policy હેઠળ વિશેષ પેકેજ, જમીન, FSI, સ્ટેમ્પ ડ્યુટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોત્સાહન આપવામાં આવે. » યુવાનો માટે IT સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, ઇન્ક્યુબેશન હબ અને સ્ટાર્ટઅપ સપોર્ટ શરૂ કરવામાં આવે. » IT કંપનીઓને આકર્ષવા માટે SEZ / IT Park / Plug & Play Offices માટે ઝડપી મંજૂરી પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવે. » સુરત જેવા ઉદ્યોગપ્રધાન શહેરમાં IT + Textile + Diamond Tech Convergence ને પ્રોત્સાહન આપવામાં આવે.

સુરતઃ સુરત ગ્રોથ હબ ઓફ સાઉથ ગુજરાતે નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીને પત્ર લખી સુરતને સત્તાવાર રીતે આઇટી હબ ડિજિટલ વેલી તરીકે વિકસાવવા માંગ કરી છે. સુરત શહેરમાં IT અને ડિજિટલ સર્વિસ સેક્ટર ઝડપથી વિકસી રહ્યું છે અને હવે તે સ્વયંસ્ફૂર્ત રીતે એક મજબૂત IT ક્લસ્ટર / Digital Valley તરીકે ઉભરી રહ્યું છે. સુરત શહેર ઉદ્યોગ, નિકાસ અને રોજગારીમાં રાજ્ય તથા રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. IT ક્ષેત્રમાં પણ સુરતને યોગ્ય દિશા અને નીતિ આધાર મળશે, તો ગુજરાતની ડિજિટલ ઇકોસિસ્ટમને નવી ઊંચાઈ મળશે, એમાં કોઈ શંકા નથી. નીતિ આયોગ મારફતે સુરતને દક્ષિણ ગુજરાતના હબ તરીકે વિકાસ કરવાના આયોજનમાં પણ આ

...અનુસંધાન પાના 5 પર

### સુરત ડાયમંડ બુર્સ ફુલફ્લેજ શરૂ નહીં થાય ત્યાં સુધી એનો ઉપયોગ “આઇટી ક્લસ્ટર” તરીકે થવો જોઈએ

અમેરિકાના પેન્ટાગોનથી આકારમાં મોટા સુરત ડાયમંડ બુર્સને મુંબઈના ભારત ડાયમંડ બુર્સની જેમ ધમધમતુ થવામાં એક દાયકાનો સમય સમય લાગે એવી સ્થિતિ છે. ખુદ ત્યાં ઓફિસો ખરીદનાર હીરા ઉદ્યોગકારો આ સ્વીકારી રહ્યાં છે. સુરત ડાયમંડ બુર્સની બિલ્ડિંગ્સ અને ઓફિસો ખૂબ આયોજન પૂર્વક બની છે, ત્યાં આઇટી - ડિજિટલ વેલી માટેનો ઝોન અલાયદો પણ કરી શકાય, બુર્સના રોકાણકારોને ભાડાની આવક પણ થઈ શકે, એ માહોલનો લાભ હીરા ઉદ્યોગને ડોમેસ્ટિક વેપારમાં પણ મળી શકે. આ સ્થિતિમાં SDB ખંડેર બની જાય એ પૂર્વે SDBના એક ભાગમાં આઇટી. ઇન્ડસ્ટ્રી શરૂ કરવામાં આવે એવી માંગ ઉઠી છે. ડ્રીમ સિટીમાં જ આઇટી અને ડિજિટલ વેલી બને તો એ આદર્શ લોકેશન બની શકે. કારણ કે, સુરતને બેંગલોર, હૈદરાબાદ, પુણે સાથે સીધી એર કનેક્ટિવિટી પણ મળી છે. વળી હીરા ઉદ્યોગના જે બહુવિધ સ્ટેક પ્લેયર અને સમાજ છે, એ જ સ્ટેક પ્લેયર અને સમાજના લોકો સુરતમાં આઇટી ઇન્ડસ્ટ્રીમાં પણ છે. કાપડ અને હીરા ઉદ્યોગની મંદીનો સામનો કરતા સુરતમાં સંગઠિત આઇટી ઇન્ડસ્ટ્રી ડેવલપ થાય તો સર્વિસ સેક્ટર સહિત બીજા ઉદ્યોગોને પણ લાભ થાય.

# ફાલસાવાડી પાણીની લાઈનનું રિપેરિંગ લંબાતા લાખો પરેશાન

**સેન્ટ્રલ** ઝોન ઉપરાંત પીપલોદ, ન્યૂ સિટીલાઈટના અનેક વિસ્તારોમાં લોકો પાણી માટે ટટળ્યા

**જે** કામગીરી શનિવારની વહેલી સવારે પતવાની હતી, તે છેક સાંજ સુધીમાં પૂર્ણ થઈ

સુરતઃ સહારા દરવાજા ફાલસા વાડી પાસે વરાછાથી આવતી પાણીની મેઈન લાઈનમાં પડેલા ભંગાણના રીપેરીંગ અંગે મનપા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ કામગીરી શનિવારે વહેલી સવારને બદલે સાંજ સુધી વિલંબાતા શહેરના ઘણાં વિસ્તારોમાં શનિવારે સવારથી પાણી નહીં મળતા લોકો હેરાન થયા હતા. આ પાણી કાપથી સેન્ટ્રલ ઝોનની 4 લાખ વસતી અસરમાં આવી હતી તેમજ અન્ય વિસ્તારોમાં પણ અસર દેખાઈ હતી.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ફાલસા વાડી પોલીસ સ્ટેશનની સામે MMTH પ્રોજેક્ટની કામગીરી દરમ્યાન સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો પૂરો પાડતી પાણીની મુખ્ય લાઈન લીકેજ થવાની ઘટના વારંવાર બની રહી છે.

...અનુસંધાન પાના 5 પર

### લીકેજ કામગીરી વધતા પીપલોદ, સિટીલાઈટની આશરે 50,000 વસતીને પણ અસર

મનપા દ્વારા રીપેરીંગ બાદ બુસ્ટર શરૂ કરાતા પાણી લીકેજ વધતું હોવાથી, રીપેરીંગ કામગીરી વધી હતી, જે કામ શનિવાર વહેલી સવારે પુર્ણ થવાનું હતું તે કામગીરી શનિવારે મોડી સાંજ સુધીમાં પૂર્ણ થઈ હતી. જેથી સવારથી સેન્ટ્રલ ઝોનમાં હજારો ઘરોમાં પાણીનો સપ્લાય બંધ રહ્યો હતો. તે ઉપરાંત વરાછાથી આવતી સેન્ટ્રલ વિસ્તારની મેઈન

...અનુસંધાન પાના 5 પર

# ‘ફાઈન નહીં, પણ ફૂલ આપો’ હેલ્મેટ મુદ્દે હર્ષ સંઘવીનો સંદેશ

**પોલીસની** પ્રાથમિકતા લોકોના જીવ બચાવવાના પ્રયાસ હોવી જોઈએ, જનતાનાં ખિસ્સાં ખાલી કરવાની નહીં

**અશ્વિનીકુમાર** પોલીસ સ્ટેશનના ઉદઘાટનમાં કટાક્ષ, કરુણા અને કડકાઈ, ગુનેગારોને સ્પષ્ટ ચેતવણી

**છેતરપિંડીનો** ભોગ બનેલા વેપારીને 52 લાખ પરત અપાયા, થેલો ઊંચકાયો નહીં તો રમૂજ ફેલાઈ

### રાજકારણ કરનારાઓને આડે હાથ લીધા

હેલ્મેટ મુદ્દે સોશિયલ મીડિયા પર જ્ઞાન વહેંચતા ‘ઇન્ફ્લુએન્સર’ અને રાજકારણીઓને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આડે હાથ લીધા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, હેલ્મેટ કોઈ શોખ કે રાજકીય મુદ્દો નથી, પરંતુ જીવ બચાવવાનો પ્રશ્ન છે. અકસ્માતમાં થનારા 90 ટકા મોત હેલ્મેટ નહીં પહેરવાને કારણે થાય છે, આ હકીકત અવગણીને જો કોઈ રાજકારણ રમે તો તે અક્ષમ્ય છે. સંઘવીએ કહ્યું કે, પોલીસને દંડ વસૂલવાની લાલચ નથી, પરંતુ લોકો સલામત રહે એ પ્રાથમિકતા છે. હેલ્મેટ નહીં પહેરનારને ફાઈન નહીં, ફૂલ આપીને સમજાવો, આ અભિગમ માનવતાનો છે. તેમણે ચેતવણીભર્યા અંદાજમાં ઉમેર્યું કે, જીવ બચાવવાની બાબતે રાજકારણ કરનારોએ સંયમ રાખવો જોઈએ, કારણ કે આ મુદ્દે કોઈ સમજૂતી નહીં થાય.

સુરતઃ શહેરના તાપી કિનારે અઢી મહિનામાં તૈયાર થયેલા અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના ઉદઘાટનમાં નાયબ મુખ્યમંત્રી તથા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી એક અનોખા અને અસરકારક મિજાજમાં દેખાયા. હેલ્મેટ મુદ્દે તેમણે દંડની ભાષા છોડીને માનવતાનો રસ્તો અપનાવવાનો સંદેશ આપ્યો. જીવ બચાવવાના પ્રયાસો પોલીસની પ્રાથમિકતા હોવી જોઈએ, જનતાના ખિસ્સા ખાલી કરવાની નહીં.

હર્ષ સંઘવીએ ટ્રાફિક શિસ્ત અંગે સ્પષ્ટ અને કટાક્ષમય અભિગમ રજૂ કર્યો. તેમણે કહ્યું કે, હેલ્મેટ નહીં પહેરનારને ફાઈન કરવાની જગ્યાએ ‘ફૂલ’ આપીને સન્માનિત કરો અને સમજાવો, કારણ કે હેલ્મેટ જીવન માટે છે, દંડ માટે નહીં. સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું કે, પોલીસનું કામ માત્ર કાયદાનો અમલ કરાવવાનું નથી, પરંતુ જનતાની સુરક્ષા અને વિશ્વાસ જીતવાનું પણ છે. હેલ્મેટ અંગેની સમજણ આપવાથી અકસ્માતોમાં જીવ બચી શકે, આ વાત તેમણે સરળ શબ્દોમાં સ્પષ્ટ કરી.

કાર્યક્રમની સૌથી ચર્ચિત ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે ‘તેરા તુજકો અર્પણ’ અભિયાન અંતર્ગત છેતરપિંડીના ભોગ બનેલા એક

...અનુસંધાન પાના 5 પર

‘આઈ એમ સોરી’, જોખમી સ્ટન્ટ બાદ નબીરાની નફ્ફટાઈ

# મર્સિડીઝને F-1 રેસિંગની જેમ ડ્રિફ્ટ મરાવી, વિડીયો વાયરલ

**વેસુમાં** ભગવાન મહાવીર યુનિવર્સિટી પાસે મધરાતે મોંઘીદાટ મર્સિડીઝને ગોળ ગોળ ફેરવી જોખમી સ્ટન્ટનો વિડીયો વાયરલ

**પોલીસ** નવાબજાદા જય જતીન દાવરાને ઊંચકી લાવી તો હાથ જોડી કહ્યું હવે આવું નહીં કરું, લોકોમાં ભારે રોષ



સુરતઃ શહેરની સડકો પર મોંઘી કાર લઈને સ્ટન્ટબાજી કરનારાઓ માટે અલથાણ પોલીસે કડક સંદેશ આપ્યો છે. મધરાતે મર્સિડીઝ કારથી જોખમી સ્ટન્ટ કરી પોતાની સાથે અન્ય લોકોના જીવ જોખમમાં મૂકનારા રઈસજાદાને પોલીસે પકડી પાડી કાયદાનો પાઠ ભણાવ્યો છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી લક્ઝરી કાર અને સ્પોર્ટ્સ બાઈક લઈને યુવાનો દ્વારા જોખમી સ્ટન્ટબાજીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર લાઈક્સ અને વ્યૂઝ માટે કરવામાં આવતી આવી હરકતો અનેક વખત ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે. પોલીસ દ્વારા વારંવાર કડક કાર્યવાહી છતાં આવા તત્વો સુધરવાનું નામ લેતા નથી. આવા જ એક ચોંકાવનારા બનાવમાં ભગવાન મહાવીર યુનિવર્સિટી નજીક સેકન્ડ વી.આઈ.પી. રોડ પર મધરાતે મર્સિડીઝ કાર લઈને જોખમી સ્ટન્ટ કરતો યુવક કેમેરામાં કેદ થયો હતો. રાતના બેથી ચાર વાગ્યાના સમયગાળામાં આરોપી ફૂલસ્પીડે કારને ગોળ ફેરવતો હતો.

...અનુસંધાન પાના 5 પર

સેલ 55% ડિસ્કાઉન્ટ
ગ્રેનામાઈટ ટાઈલ્સ
એક્સપોર્ટ ક્વોલીટીની, હોલસેલના ભાવે
(ગોડાઉન ખાલી કરવાનું હોવાથી)
Limited Stock : 2 લાખ sq.ft.
Size: 8x4 ft, 6x4 ft, 4x4 ft,
કોન્ટેક્ટ - 98980 76797

## 24મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.શશીકાંત જગજીવનભાઈ પટેલ
સ્વ. તા. 28/12/2001

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે. તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો. પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના.
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

લિ.
ગં.સ્વ.ભારતીબેન શશીકાંત પટેલ
કેયુર શશીકાંત પટેલ — મૈત્રી કેયુર પટેલ
ધર્મેશ શશીકાંત પટેલ — જીજ્ઞાશા ધર્મેશ પટેલ
વિમલ ઠાકોરભાઈ પટેલ — રેખા વિમલ પટેલ
નિધિ, વેદાંત, કહાન, ધ્યાન તથા સમસ્ત પરિવાર

## ભાવભીની શ્રદ્ધાંજલિ




સ્વ. દિવ્યાબેન મિથુનભાઈ પટેલ
જન્મ તા.:૨૪-૦૬-૧૯૯૨
સ્વ.તા: ૧૬-૧૨-૨૦૨૫

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય, હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગયો તાણી, હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી, પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
બ્રિજલ, સ્નેહા, કાજલ, પ્રિયાંશી
ઝંખના, રીનલ, દામિની
અસ્મિતા, ખુશ્બુ, પૂજા, કેફી

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. મનહરલાલ મંગળદાસ મહારાજવાલા
સ્વ.તા.૨૮.૧૨.૨૦૧૯

પ્રેરણાદાયી વ્યક્તિત્વ, સરળ જીવન અને સંસ્કારોથી ભરપૂર સ્વભાવના ધારક એવા આપ શ્રી માત્ર પરિવાર માટે જ નહીં, પરંતુ દરેકને જીવન જીવવાની દિશા બતાવનાર દીપસ્તંભ હતા. તેમના શબ્દોમાં શાંતિ હતી, વર્તનમાં સ્નેહ હતો અને જીવનમાં સંઘર્ષ છતા હંમેશા સહનશીલતા અને સમર્પણ ઝળહળતું હતું. પરિવાર પ્રત્યેનો અખૂટ પ્રેમ, સમાજ માટેની નિષ્ઠા અને કર્મઠ જીવનશૈલી દ્વારા તેમણે અમૂલ્ય સંસ્કારોની ધરોહર આપી છે. આજે તેઓ ભૌતિક રીતે આપણામાં નથી, પરંતુ તેમની સ્મૃતિ, આશીર્વાદ અને શીખો હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે.

લિ. ગં.સ્વ. સુધાબેન મનહરલાલ મહારાજવાલા
જીતેન્દ્ર (રાજુ) મનહરલાલ મહારાજવાલા — બિનીતા જીતેન્દ્ર મહારાજવાલા
વૈશાલી જીતેન્દ્રકુમાર કાપડીયા (પુત્રી) — જીતેન્દ્રકુમાર રમેશચંદ્ર કાપડીયા (જમાઈ)
પૂર્વી તરૂણકુમાર જરીવાળા (પુત્રી) — તરૂણકુમાર ગમનલાલ જરીવાળા (જમાઈ)
મયુરી ભાવેશકુમાર ગજીવાલા (પુત્રી) — ભાવેશકુમાર કીરીટભાઈ ગજીવાલા (જમાઈ)
ઈશા, સમર્થ, ચિંતન, ખ્યાતી, ખુશી, રીયા, હર્ષવી, જહાન
સ્થળ : ૯/૯૩, ખાંડવાલાની શેરી, વાડી ફળિયા, સુરત.

## પાંચમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

ૐ જય પરમાત્મા



સ્વ. નિલેશકુમાર જયવદન ગ્રામણી
સ્વ. તા. ૨૮/૧૨/૨૦૨૦

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તારી અણધારી હશે ક્યાં ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયો. હવે, તારી યાદો અમારો ખજાનો બની રહી ગયો.
તુ આત્મા સ્વરૂપે જ્યાં રહે, ત્યાં સુખ અને શાશ્વત શાંતિ પામે એજ પ્રભુ પ્રાર્થના.
‘ખોઈ દીધા પછી જ ખ્યાલ આવે છે કેટલો કિંમતી હતો.... સમય, વ્યકિત અને સંબંધ.’
મારાં વ્હાલા Nils, તારી બહુ યાદ આવે છે...
Nils - તારા સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ સદાય અમારા હૃદયમાં રહેશે.
તારી યાદ અને પ્રેમ અવિસ્મરણીય છે. Pui..
જય પરમાત્મા

લિ.
સ્વ. જયવદન કેશવકાન્ત ગ્રામણી (પિતા) — ગં.સ્વ. શાંતાબેન જયવદન ગ્રામણી (માતા)
અનુપમા જયવદન ગ્રામણી (બહેન) — અનુરાધા જયવદન ગ્રામણી (બહેન)
નિતેશ જયવદન ગ્રામણી (ભાઈ) — સેજલ નિતેશ ગ્રામણી (ભાભી)
ડો.નિમિષા દિનેશભાઈ ગામીત (બહેન) — દિનેશભાઈ રામભાઈ ગામીત (બનેવી)
ગં.સ્વ. વિપાપોન (પુઈ) નિલેશ ગ્રામણી (પત્ની)
દેવાંશ્રી, દિવા તથા સમસ્ત ગ્રામણી પરિવાર
સ્થળ: બિલ્ડીંગ નં. 7, ફલેટ નં. 5-6, મહાવીરનગર કો.ઓ. સોસાયટી, ગાયત્રી મંદિરની પાસે, ઉધના મગદલ્લા રોડ, અલથાણ, સુરત-17

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

## અનાવિલ અવસાન - બેસણું



સ્વ. મગનલાલ (બાબુભાઈ) છોટુભાઈ દેસાઈ
સ્વ. તા. ૨૪-૧૨-૨૦૨૫

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન પિતાશ્રી મગનલાલ (બાબુભાઈ) છોટુભાઈ દેસાઈ લીલાપોર નિવાસી તા. ૨૪/૧૨/૨૦૨૫ના બુધવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૨૯-૧૨-૨૦૨૫ના રોજ રામલાલા હોલ, વલસાડ પારડી, વલસાડ મુકામે બપોરે ૩ થી ૫ દરમ્યાન રાખવામાં આવેલ છે.
લિ. સ્વ. જ્યોત્સનાબેન મગનલાલ દેસાઈ (પત્ની)
ગિરિશ મગનલાલ દેસાઈ (પુત્ર) પિન્કી ગિરિશ દેસાઈ (પુત્રવધુ)
ઉમેશ મગનલાલ દેસાઈ (પુત્ર) મિતાંશી ગિરિશ દેસાઈ (પૌત્રી)
(M): 93289 99365, 97262 34822
શ્વસુર પક્ષ: સ્વ. ઈશ્વરલાલ ઠાકોરભાઈ દેસાઈ, સ્વ. સવિતાબેન ઈશ્વરલાલ દેસાઈ, હેમંતભાઈ ઈશ્વરલાલ દેસાઈ, ભાવનાબેન હેમંતભાઈ દેસાઈ (મૂ.પો. મોટા વરાછા વકીલ ફળિયું જી. સુરત)

## ત્રીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.મંજુલાબેન ઈશ્વરલાલ શેરડીવાલા
સ્વ.તા. ૨૮-૧૨-૨૦૨૨

તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યું. પરંતુ તમારી યાદ હર હંમેશ અમારા હૈયે કોતરાયેલી રહેશે. જીવનની હર પળે હસ્તા રહ્યા તમે સ્નેહથી સર્વેના હૈયે વસતા રહ્યા તમે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું. પરમાત્મા આપના દિવ્ય આત્માને ચીર શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
સ્વ. ઈશ્વરલાલ નાથુભાઈ શેરડીવાલા
રાજેન્દ્ર ઈશ્વરલાલ શેરડીવાલા
અશ્વીન ઈશ્વરલાલ શેરડીવાલા
તેજસ અશ્વીન શેરડીવાલા
“વૈશાલી કુંજ” જયલક્ષ્મી સ્ટુડીઓની ગલીમાં, રામચોક, ઘોડદોડ રોડ, સુરત. (M) 98241-80680